# કંપની સમાચાર

## જીએફએલની હેટ્રીક : સતત ત્રીજા વર્ષે શ્રેષ્ઠ ભારતીય કંપનીનો એવોર્ડ

આઇનોક્સ ગ્રુપની કંપની ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ (જીએફએલ)ને ડૂન એન્ડ બ્રોડસ્ટ્રીટ દ્વારા વર્ષ ૨૦૦૯ માટે કેમિકલ સેક્ટરમાં શ્રેષ્ઠ ભારતીય કંપની તરીકેનો એવોર્ડ આપવામાં આવ્યો છે. જીએફએલએ સતત ત્રીજા વર્ષે આ બહુમાન પ્રાપ્ત કર્યું છે. અમેરિકામાં હેડકવાર્ટર ધરાવતી ડૂન એન્ડ બ્રોડસ્ટ્રીટ વિશ્વની અગ્રણી બિઝનેસ ઇન્ફર્મેશન કંપની છે. ભારતમાં દર વર્ષે ડૂન એન્ડ બ્રોડસ્ટ્રીટ ૫૦૦ અગ્રણી કંપનીઓનો સર્વે કરે છે અને પોતાના યુનીક પ્રોપ્રાયટરી સોફ્ટવેરની મદદથી દરેક ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ કંપનીઓ નિર્ધારીત કરી એમને ડી એન્ડ બી-રેલ્ટા કોર્પોરેટ એવોર્ડસ થી સન્માનીત કરે છે. આ એવોર્ડસ, સાઇઝ અને વિકાસ બંને રીતે ગુણવત્તાલક્ષી અભિગમને પ્રમાણિત કરે છે. ફાઇનલ રેન્કીંગ સર્વાંગી દેખાવને અનુલક્ષીને કરવામાં આવે છે જે આઠ માપદંડો : કુલ આવક, ચોખ્ખો નફો (નેટ પ્રોફીટ), નેથ વર્થ, નેટ પ્રોફીટ માર્જીન, નેટ વર્થ પર રિટર્ન, સરેરાશ માર્કેટ કેપિટલાઇઝેશન, કુલ આવકમાં વૃધ્ધિ અને નેટ પ્રોફીટમાં વૃધ્ધિ પર આધારિત છે. જીએફએલના ડિરેક્ટર અને ગ્રુપ હેડ (કોર્પોરેટ ફાઇનાન્સ) દિપક આશરે, કંપની વતી આ એવોર્ડ ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના સેક્રેટરી આર. બંદોપાધ્યાયના હસ્તે ૨૫મી માર્ચ, ૨૦૧૦ના રોજ મુંબઇ ખાતે એક ખાસ સમારંભમાં સ્વીકાર્યો હતો. આ પ્રસંગે આશરે જણાવ્યું હતું કે, આ એવોર્ડનો અમે નમ્રતાપૂર્વક અને આભાર સહ સ્વીકાર કરીએ છીએ. આ એવોર્ડ જીએફએલને ભારતીય કેમિકલ ઉદ્યોગમાં અગ્રેસર સ્થાન ઉપરાંત સ્ટેક હોલ્ડર્સને ઉત્તમ નાણાંકીય પરિણામો દ્વારા ઉચ્ચ વળતર આપવા બદલ બહુમાન છે. સતત ત્રણ વર્ષ આ એવોર્ડની પ્રાપ્તિ, જીએફએલની ઉર્ધ્વગામી પરફોર્મન્સ પ્રત્યેની અડગ કટિબધ્ધતાનું પ્રતિક છે.